

ખંડ-૩
અંક-૪
એપ્રિલ ૨૦૧૭

# કૃષિ ઉત્પાદન અને બજાર દર્શન

કૃષિ ઉદય...

અધ્યક્ષ:
પ્રો. શિરીષ આર. કુલકર્ણી

માનનીય સલાહકાર :
ડૉ. મહેશ પાઠક

મુખ્ય સંપાદક :
ડૉ. એસ. એસ. કલમકર

સહસંપાદક :
ડૉ. એચ. પી. ત્રિવેદી
ડૉ. ડી. જે. ચૌહાણ

સંપાદક :
ડૉ. હેમંત શર્મા


વિષય સંપાદક :
ડૉ. એસ. આર. ભૈયા
ડૉ. વિજય એસ. જરીવાલા
ડૉ. એમ. એન. સ્વેન
શ્રી એમ. મકવાણા

પ્રસાર પ્રભારી :
શ્રી દીપ કે. પટેલ

પ્રકાશક :
એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
આણંદ, ગુજરાત

E-mail: director.aerc@gmail.com
website: www.aercspu.ac.in

## કેન્દ્ર સરકારે ઘઉં ખરીદીનો લક્ષ્યાંક નીચો કર્યો




ગત વર્ષના અનુભવે આ વર્ષમાં રાજ્યો પાસેથી કેન્દ્ર સરકાર દ્વારા અનાજની વાસ્તવિક ખરીદી લક્ષ્યાંક કરતાં ઘઉં ખરીદીના અંદાજમાં ૨૫ ટકા ઘટાડો કર્યો છે. એક સત્તાવાર નિવેદનમાં સરકારે જણાવ્યું હતું કે ભારતીય ખાદ્ય નિગમે વર્ષ ૨૦૧૬-૧૭માં (એપ્રિલ-માર્ચ) ૨૨.૯૬ મિલિયન ટન ઘઉંની ખરીદી કરી હતી. જેની સામે એપ્રિલથી શરૂ થતાં બજાર વર્ષમાં એફસીઆઈએ ૩૩ મિલિયન ટન ઘઉંની પ્રાપ્તિનો લક્ષ્યાંક નિર્ધારિત કર્યો છે. છેલ્લી ઋતુની વાસ્તવિક પ્રાપ્તિ સાથે સરખામણી કરતાં આ લક્ષ્ય નોંધપાત્ર રીતે ઊંચો છે તેમ જણાવાયું હતું. રાજ્યોના જુદા જુદા સ્ત્રોતોએ જણાવ્યું હતું કે, આ પ્રાપ્તિ ૩૪ મિલિયન ટન કરતાં વધુ હોઈ શકે છે. રાજ્યોના ખાદ્ય સચિવોની નવી દિલ્હીમાં યોજાએલી ઘઉં પ્રાપ્તિ અંગે વ્યવસ્થા પર ચર્ચા કરવા નિયત કરવામાં આવેલી એક બેઠકમાં આ હેતુને લેવામાં આવેલ હતો. ખાદ્ય મંત્રી રામવિલાસ પાસવાને મંત્રાલયના અધિકારીઓને જણાવવામાં આવ્યું છે કે ખેડૂતો જ્યારે ઘઉંનું વેચાણ કરે છે ત્યારે તેમને ટેકાના ભાવ મળી રહે અને તેની ખાતરી કરવા માટે તમામ શક્ય પગલાં લેવા અંગે જણાવેલ છે. આ વર્ષે અપેક્ષા કરતાં ૯૬ મિલિયન ટન વધુ ઉત્પાદન અને ૫ મિલિયન ટન ઘઉંની આયાતને કારણે ઉત્તર પ્રદેશ અને બિહારના ખુલ્લા બજારમાં ઘઉંના ભાવ ખાસ કરીને નિરાશાજનક હોઈ શકે છે.

## કૃષિ ધિરાણનું લક્ષ્ય રૂ.૧૦ લાખ કરોડ



કેન્દ્રીય અંદાજપત્રમાં ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવવા માટે ૧૧ ટકા જેટલું ઊંચું કૃષિ ધિરાણ લક્ષ્યાંક સાથે વર્તમાન નાણાંકીય વર્ષમાં રૂા.૧૧ લાખ કરોડ બેન્કો માટે ફાળવવામાં આવ્યા છે. જ્યારે અગાઉના વર્ષે ૯ લાખ કરોડ રૂપિયા ફાળવેલ હતા. કૃષિ અને ગ્રામીણ વિકાસ માટેની રાષ્ટ્રીય બેન્કના (નાબાર્ડ) નેજા હેઠળ બે નવા ભંડોળ- ૧) સૂક્ષ્મ સિંચાઇ અને ૨) ડેરી વિકાસ માટેની જાહેરાત કરવામાં આવી છે. સારી ખેતી માટે સમયસર પૂરતું ધિરાણ ખેડૂતો માટે ઉપલબ્ધ હોવું જોઈએ. એ સંદર્ભમાં નાણામંત્રી શ્રી અરુણ જેટલીએ કહ્યું હતુ કે પૂર્વીય રાજ્યો અને જમ્મુ - કાશ્મીરમાં સેવા વિસ્તારોમાં પર્યાપ્ત ધિરાણ ભંડોળ મળી રહે તેની ખાતરી કરવા માટે ખાસ પ્રયત્નો કરવામાં આવશે. શ્રી જેટલીએ વધુ ઉમેરતાં જણાવ્યું હતુ કે વડાપ્રધાનશ્રી દ્વારા કરવામાં આવેલ જાહેરાત મુજબ ખેડૂતોને ૬૦ દિવસ સુધીના સહકારી ધિરાણ ઉપર વ્યાજ માફીનો લાભ થશે. મંત્રીશ્રીએ એમ પણ જણાવ્યું હતું કે સૂક્ષ્મ સિંચાઈ ભંડોળ હેઠળ 'પ્રતિ બૂંદ વધુ પાક'નો નક્કી કરેલ લક્ષ્યાંક હાંસલ કરવા માટે નાબાર્ડમાં ધિરાણ ભંડોળની સ્થાપવામાં કરવામાં આવશે અને આ ભંડોળ શરૂઆતમાં રૂા.૫૦૦૦ કરોડનુ રહેશે. નાબાર્ડનું લાંબા ગાળાની સિંચાઈ માટેનું ભંડોળ બમણું કરીને રૂા.૪૦૦૦૦ કરોડ કરવામાં આવ્યું છે. નાબાર્ડ ચેરમેન શ્રી હર્ષકુમાર ભાનવાલાએ જણાવ્યું હતું કે આ બે પગલાં દ્વારા સિંચાઈ હેઠળનો વિસ્તાર વધારવા અને સિંચાઈની કાર્યક્ષમતામાં પણ સુધારો લાવવા પ્રયત્ન કરીશું. વિશ્વની કુલ ભૌગોલિક વિસ્તારમાં ભારતનો ૨.૪ ટકા વિસ્તાર, વિશ્વની કુલ વસ્તીના ૧૮ ટકા વસ્તી અને વિશ્વની કુલ તાજા પાણીના સ્ત્રોતમાં માત્ર ૪ ટકા પાણી હોય, એવા આ દેશની કૃષિ માટે સિંચાઈની કાર્યક્ષમતા સુધારવી અઘરી છે. ખેડૂતો માટે પશુપાલન વધારાની આવકનું એક મહત્વપૂર્ણ સ્ત્રોત છે. શ્રી જેટલીએ અત્રે નોંધ્યું છે કે દૂધ પ્રોસેસિંગ સુવિધા અને અન્ય માળખાગત સુવિધાની ઉપલબ્ધતાથી મૂલ્ય વૃદ્ધિ થકી ખેડૂતોને ફાયદો થશે.

## બક્સાના ખેડૂતોની સફેદ રજનીગંધાના ફૂલોવાળા છોડની ખેતીમાં સફળતા.



આસામ રાજ્યના મોતીપુર પેટા-વિભાગમાં આવેલા મોતીપુર, વિષ્ણુપુર, છાબરી અને મુશલપુરના પાડોશી ગામોના ખેડૂતો પહેલાં માત્ર ડાંગર, રાયડા સિવાય બીજા કોઈ પણ પાકનું વાવેતર કરતા ન હતા. હવે ત્યાંના ખેડૂતો રજનીગંધાના સફેદ ફૂલોવાળા છોડની ખેતી સફળતાપૂર્વક કરવા લાગ્યા છે. પ્રમોશન ઓફ ફાર્મર્સ પ્રોડ્યુસ ઓર્ગેનાઇઝેશન (એફપીઓ) પ્રોજેક્ટ હેઠળ પહેલીવાર જાન્યુઆરી ૨૦૧૬માં બક્સાનાં કુલ ૪૦ ખેડૂતોએ રજનીગંધાના ફૂલોની ખેતી શરૂ કરી છે. આ પ્રોજેક્ટ નાબાર્ડના સહયોગ અને ગ્રીન એનવાયર્મેંટ ટાસ્ક ફોર્સ દ્વારા અમલીકરણ કરવામાં આવેલ છે જે ટકાઉ કૃષિ અને આજીવિકાના ક્ષેત્રમાં કામ કરે છે. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, બક્સા અને જિલ્લા કૃષિ વિભાગની ટેક્નિકલ તાલીમ બાદ જમીનના નાના ટૂકડાઓમાં રજનીગંધા ફૂલોની ખેતી શરૂ કરવામાં આવી હતી. ઓગસ્ટ, ૨૦૧૬ થી એફપીઓ સ્પેરો બી કિપર્સ ઉત્પાદન સંસ્થાએ આ ફૂલોના ઉત્પાદનને એકત્રિત કરીને ગુવાહાટીમાં તેનું સીધું વેચાણ શરૂ કર્યુ છે. આ પ્રવૃત્તિની સફળતાથી બીજા આશરે ૧૫૦ જેટલાં ખેડૂતો પ્રોત્સાહિત થઈ એફપીઓમાં સામેલ થતાં કુલ ખેડૂત સભ્યોની સંખ્યા ૩૦૦ જેટલી થવા પામી છે.

## નાબાર્ડ દ્વારા ટૂંકા ગાળાના ખેત ધિરાણ પર વ્યાજ માફીની યોજના

કૃષિ અને ગ્રામીણ વિકાસ માટે રાષ્ટ્રીય બેન્ક (નાબાર્ડ) જે ખેડૂતોને સહકારી બેન્કો મારફતે ટૂંકા ગાળાનું ખેત ધિરાણ આપે છે. નોટબંધી/વિમુદ્રીકરણ પછી આ ખેત ધિરાણ પરના વ્યાજને માફ કરવામાં આવ્યું છે. નાબાર્ડે જણાવ્યું કે આ નિર્ણય કેન્દ્રનો છે, તેમાં તમામ ટૂંકા ગાળાના ખેત ધિરાણના વ્યાજ માફીમાં રાહત




આપવાનો છે. આ અંર્તગત ૧ એપ્રિલ, ૨૦૧૯ થી ૩૦ ઓક્ટોબર, ૨૦૧૯ સુધીની સહકારી બેન્કો દ્વારા વિતરિત ધિરાણના વ્યાજ પર માફી નવેમ્બર અને ડિસેમ્બરમાં આપવાનો છે. નવેમ્બર અને ડિસેમ્બર, ૨૦૧૯ દરમિયાન જેઓનાં બાકી ધિરાણ હતું તેના વ્યાજ માફી માટે છે. વ્યાજ માફી લાગુ પડતા ખેડૂતોના લોન ખાતામાં ૪ ટકા વ્યાજ માફી પેટે જમા ઉમેરાશે. આ અંગે નાબાર્ડ તમામ સહકારી બેંકોને જરૂરી માર્ગદર્શન અને તાત્કાલિક અમલીકરણ માટે જરૂરી માર્ગદર્શિકા પણ બહાર પાડશે. નાબાર્ડે જણાવ્યું હતું કે યોગ્યતા ધરાવતાં ખેડૂતો તેમની સહકારી બેન્કો દ્વારા આ લાભ મેળવી શકે છે.

## ક્વિનવા પાકનું નવસંશોધન



વિજ્ઞાનીઓએ એક અનાજ કે જેની ખેતી સદીઓ પહેલા ઈંકાઝમાં ખેતી કરવામાં આવતી હતી તેને વૈજ્ઞાનિક દ્વારા તાજેતરમાં સંપૂર્ણ સંશોધિત આનુવંશિક વંશસૂત્રના એક અનાજમાં અનાવરણ કરવામાં આવ્યુ છે. જેની મદદથી વિશ્વમાં ભૂખ્યા લોકોને અનાજ પૂરું પાડી શકાશે. ઉત્તર અમેરિકા અને યુરોપમાં આરોગ્યપ્રદ ખોરાક તરીકે તેના મૂળ પ્રદેશની બહાર પણ તે ઓળખાય છે. નિષ્ણાંતો કહે છે કે ક્વિનવા અત્યંત પૌષ્ટિક છે, તેનાં ધાન્યના લોટમાં રહેલું નત્રિલ અને આવશ્યક એમિનો એસિડ સાથે ભરેલા ફાઈબર, વિટામિન્સ અને ખનીજ તત્વો રહેલાં છે. ડાયાબિટીસના દર્દીઓ માટે મુખ્ય ચિંતા એ છે કે કેટલી ઝડપથી ખોરાક લોહીમાં શર્કરાના સ્તરને વધારવા તરફ આગળ વધે છે અને ક્વિનવામાં ગ્લાયકોજેનિકનો આંક નીચો છે. આ અનાજ દરિયાની સપાટીથી ૪૦૦૦ મીટર (૧૩૦૦૦ ફૂટ) સુધીની કોઈપણ ઊંચાઈ ઉપર તે ઝડપથી ઊગે છે. ક્વિનવા અતિ સ્થિતિસ્થાપક છે અને નબળી અથવા ખારી જમીનમાં ઊગી શકે છે, તેવું માર્ક ટેસ્ટર નામના વિદ્વાન કે જે સાઉદી અરેબિયામાં કિંગ અબ્દુલ્લા યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી ખાતે પ્રોફેસર છે અને છોડના વંશસૂત્રો ડિકોડેડના એક નેતા છે તેમણે જણાવ્યુ હતું. આ તંદુરસ્ત, પૌષ્ટિક ખોરાકનો સ્ત્રોત વિશ્વ માટે છે કે જ્યાં જમીન અને પાણી બિનઉપજાવ છે. હજુ, ઘઉં, ચોખા, જવ અથવા મકાઈની  સરખામણીમાં વૈશ્વિક ઉપભોગ દર વર્ષે ૧ લાખ ટન જેટલો છે. જે મુખ્ય અનાજ અને ધાન્યના કરોડો ટન ઉપભોગની સરખામણીએ ઘણું ઓછું છે.

## કેબિનેટે વર્ષ ૨૦૧૭–૧૮ માટે પોષક આધારિત સબસિડી(NBS) ના દરની મંજૂરી



વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં આર્થિક બાબતો અંગેની કેબિનેટ સમિતિએ (સીસીઇએ) વર્ષ ૨૦૧૭-૧૮ માટે ફોસ્ફેટિક અને પોટાશના (પીએન્ડકે) ખાતરો માટે પોષણ આધારિત સબસિડી (NBS) ના દરના બંધારણને બહાલી આપી છે.

સરકારે અંકુશમુક્ત ફોસ્ફેટિક અને પોટાશ ખાતરો માટે પોષણ આધારિત સબસિડી (NBS) નીતિને અમલી કરી દીધી છે. જો કે આ નીતિ હેઠળ, ફોસ્ફેટિક અને પોટાશ (પી એન્ડ કે) ખાતરો પર સબસિડી પ્રતિ પોષક દીઠ એટલે, નાઇટ્રોજન (N), ફોસ્ફરસ (P), પોટાશ (K) અને સલ્ફર (S) દીઠ કિલો પોષક તત્વો પર વાર્ષિક ધોરણે સરકાર દ્વારા જાહેરાત કરવામાં આવશે. આ ખાતરો દીઠ દરેક ધોરણમાં પોષક સામગ્રી પર આધાર રાખે છે કે જે પ્રતિ ટનની સબસિડીમાં રૂપાંતર થાય છે. આ દર ફોસ્ફેટિક અને પોટાશના (પી એન્ડ કે) આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક ભાવ, વિનિમય દર, દેશમાં કાચા માલનો પુરવઠો વગેરેને ધ્યાનમાં લઈને નક્કી કરવામાં આવશે.

૩૧ માર્ચ, ૨૦૧૭ના રોજ યોજાયેલી તેની બેઠકમાં સીસીઈએ, વર્ષ ૨૦૧૭-૧૮ માટે દર સુધારવા માટે નિર્ણય કર્યો હતો.

ફોસ્ફરસ(પી) માટે ૨૦૧૬-૧૭ની સરખામણીમાં ૨૦૧૭-૧૮ના સમયગાળા માટે સબસિડી રૂા. ૧૩.૨૪૧ પ્રતિ કિલોથી ઘટાડીને રૂા.૧૧.૯૯૭ પ્રતિ કિલો (ઘટાડો રૂા. ૧.૨૪૪/કિલો), જ્યારે પોટાશ (K) માં રૂા.૧૫.૪૭૦ પ્રતિ કિલોથી ઘટાડીને રૂા.૧૨.૩૯૫ પ્રતિ કિલો (ઘટાડો રૂા.૩.૦૭૫/કિલો), જ્યારે નાઇટ્રોજન (N)માં સબસિડી રૂા.૧૫.૮૫૪ પ્રતિ કિલોથી વધારીને રૂા.૧૮.૯૮૯ પ્રતિ કિલો (વધારો રૂા.૩.૧૩૫/કિલો), જ્યારે સલ્ફર (S)માં સબસિડી રૂા.૨.૦૪૪ પ્રતિ કિલોથી વધારીને રૂા.૨.૨૪૦ પ્રતિ કિલો (વધારો રૂા.૦.૧૯૬/કિલો) કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન, ફોસ્ફરસ (પી), પોટાશ (K) ખાતરોનો અંદાજિત વપરાશ ૨૭૯.૮ LMT હતો. આ પ્રમાણેના વપરાશને ધ્યાનમાં લેતા ૨૦૧૭-૧૮માં PK ખાતરોનો વપરાશ અગાઉના વર્ષ જેટલો જ રહેશે. સૂચિત દરે અંદાજીત સબસિડીની જરૂરિયાત રૂા. ૧૯,૮૪૮.૯૯ કરોડ છે કે જે ગયા વર્ષ ૨૦૧૬-૧૭ (રૂા.૨૦,૬૮૮.૪૩ કરોડ) કરતાં રૂા.૮૩૯.૪૪ કરોડ જેટલી ઓછી છે.

છેલ્લાં અઢી વર્ષના દાયકામાં ખાતરના ક્ષેત્રમાં આવેલ સુધારાના ભાગારૂપે છે કે જેમાં ડીબીટી માટે સબસિડી ચુકવણી, નીમ કોટેડ યુરિયા ખાતર, પોષક સંતુલિત ઉપયોગ દ્વારા ફોસ્ફરસ (પી), પોટાશ (K) ખાતરોની કિંમતમાં ઘટાડો, સિંગલ સુપર ફોસ્ફેટ (SSP) ના ઉત્પાદકો માટે લઘુતમ ઉત્પાદનના માપદંડને દૂર કરવા પ્રોત્સાહન આપે છે.

## કેબિનેટની તમામ પ્રમાણિત જૈવિક કૃષિ ઉત્પાદનોની અનિયંત્રિત નિકાસ માટેની પરવાનગી




વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ એકમદીઠ જૈવિક ઉત્પાદનો અને પરિમાણાત્મક અછત દૂર કરવા માટે તેની મંજૂરી આપી છે અને મંજૂરી તેમના મૂળભૂત ઉત્પાદનની (બિન- જૈવિક) નિકાસ પર તમામ જૈવિક કૃષિ અને જૈવિક પ્રક્રિયા ઉત્પાદનો કોઈ વર્તમાન કે ભવિષ્યમાં પ્રતિબંધ વગર અનિયંત્રિત નિકાસ કરી શકે છે. જોકે, જૈવિક કઠોળ અને મસૂર સંદર્ભમાં દેશમાં તેની તીવ્ર તંગીની દૃષ્ટિએ, વાર્ષિક નિકાસ પર પરિમાણાત્મક ટોચમર્યાદા ચાલુ વર્તમાન સમયમાં વાર્ષિક ૧૦,૦૦૦ મેટ્રીક ટનથી ૫૦,૦૦૦ મેટ્રીક ટન વધારવામાં આવશે.

ઘઉં, ખાંડ, ચોખા, જૈવિક ખાંડ અને જૈવિક કઠોળની નિકાસ પર મર્યાદા વધારવા જથ્થાબંધ જકાત દૂર કરી ખેડૂતોની આવક બમણી કરવા માટેનો સરકારનો ઉદ્દેશ હોય તેવી અપેક્ષા છે. જૈવિક કૃષિ ઉત્પાદનોનો ખેડૂતો દ્વારા સ્વીકાર કરવાથી ખેતીનાં ખર્ચમાં ઘટાડો થશે અને જૈવિક કૃષિ ઉત્પાદનોની વધુ સારી ઉંચી કિંમતો મળશે.

નિકાસ વિકાસ સંસ્થા(APEDA) દ્વારા બધા જૈવિક ઉત્પાદનો કૃષિ અને પ્રક્રિયા કરેલ ખાદ્ય જૈવિક ઉત્પાદનો માટેના રાષ્ટ્રીય કાર્યક્રમ હેઠળ (NPOP) પ્રમાણિત કરવામાં આવે છે. જૈવિક ખેતી એ સાકલ્યવાદી ઉત્પાદન પ્રબંધક પદ્ધતિ છે કે જેમાં ઉત્પાદનો સ્થિરતાના સિદ્ધાંતો અનુસાર ઉગાડવામાં આવે છે. જૈવિક ખેતી ઉત્પાદનો માટે દેશમાં અને વિદેશમાં ખૂબ જ વિશાળ તકો રહેલી છે કે જેમાં સરકાર ખેડૂતો અને નિકાસકારોને સહાય કરે છે.

જૈવિક ઉત્પાદનોની સતત અને સ્થિર નિકાસ સંબંધી નીતિ નિકાસકારો અને ખરીદનારાઓને લાંબાગાળા માટે પ્રતિબદ્ધ બનાવવા અને ખેડૂતો સાથે જોડાણ પણ સ્થાપિત કરવા માટે મદદરૂપ પુરવાર થશે. આ બાબતો ખેડૂતોને જૈવિક ઉત્પાદન વધારવામાં પ્રોત્સાહન આપે તેવી શક્યતા છે. જૈવિક ખેત ઉત્પાદનો પર સ્થિર નિકાસની નીતિ કૃષિ વિકાસના જુદા જુદા સરકારી કાર્યક્રમો જેવાકે, રાષ્ટ્રીય ટકાઉ ખેતી વિકાસ મિશન (NSAM), પરંપરાગત કૃષિ વિકાસ યોજના (PKVY), ઉત્તર-પૂર્વિય રાજ્યોના જૈવિક ઉત્પાદનોના મૂલ્ય શૃંખલાનો વિકાસ(OVCDNER) ની સફળતામાં પૂરક પૂરવાર થશે.

Book Post

To,

DOI : APRIL- 29, 2017

From:
**Agro-Economic Research Centre**
*For the states of Gujarat and Rajasthan*
(Ministry of Agriculture & Farmers Welfare, Govt. of India)
H.M. Patel Institute of Rural Development,
Opp. Nanadalaya Temple, Post Box No. 24,
**Sardar Patel University**
Vallabh Vidyanagar 388120, Anand, Gujarat
Ph.No. +91-2692-230106, 230799, Fax- +91-2692-233106
E-mail : director.aerc@gmail.com
Website: www.aercspu.ac.in

*Acknowledged the information used/taken from the public domain*

Lajja : 02692-233864